**પોલીસ ઇન્સ્પેકટરની કચેરી વટવા પોલીસ સ્ટેશન અમદાવાદ**

**શહેર ફોનનં-૦૭૯-૨૫૭૧૦૦૭૪**

**E-polstn-vatva-ahd@gujarat.gov.in**

**પોલીસ કંટ્રોલરૂમ ટેલીફોન નંબર-૦૭૯-૨૫૬૨૭૫૧૦**

---------------------------------------------------------------------------------------------------

# પ્રેસનોટ

## નોકરી અપાવવા ના બહાને ૧૬,૦૦,૦૦૦/- રૂપિયા પચવી પાડતા ઉત્તરપ્રદેશ ના આગ્રા ખાતેથી બે યુવકો ની ધરપકડ કરતી વટવા પોલીસ

મે.પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સાહેબની સુચના આધારે તેમજ નાયબ પો.કમી.શ્રી ઝોન ૬ સાહેબ તથા મ.પો.કમીશ્રી જે ડીવીઝન અમદાવાદ તથા પોલીસ ઈન્સપેક્ટરશ્રી એચ વી સિસારા સાહેબના માર્ગ દર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમા મિલકત સંબંધી ગુનાના ડિટેક્શન માટે સુચના મળેલ જે અનુસંધાને વટવા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૧૦/૧૮ ધી ઇ.પી.કો.કલમ-૪૦૬,૪૨૦,૧૧૪ મુજબના કામના ફરિયાદી ઇલાબેન વા/ઓ. અમીતભાઇ ચંદુભાઇ જાતે સોલંકી ઉ.વ.૩૧ રહે. વટવાગામ અમદવાદ શહેર નાઓને તા.૨૩/૧૦/૨૦૧૫ થી તા.૧૭/૦૧/૨૦૧૮ દરમ્યાનના સમય ગાળા દરમ્યાન ફરિયાદી પાસેથી આરોપી (૧) સંદિપ મો.નં.૯૭૧૪૫૯૬૭૧૭ (૨) મનોહર મો.નં. ૮૩૪૭૦૫૭૭૬૭ (૩) મહેન્દ્ર પ્રતાપ મો.નં. ૯૭૨૪૭ ૪૮૯૭૪ (૪) એમ.આર. મો.નં. ૯૧૫૭૭ ૪૯૨૮૨ (૫) ટ્રેનીંગવાળો મો.નં.૯૯૦૪૫ ૩૧૨૬૭ (૬) મનોહર તિવારી મો.નં. ૯૬૩૮૨ ૧૨૭૮૨ જેઓના પુરા નામા સરનામા જાણવા મળેલ નથી તેઓએ ભેગા મળી ફરિયાદી સાથે નોકરી અપાવવાના બહાને અલગ અલગ એકાઉન્ટમા રુપીયા.૧૬૦૦૦૦૦/-(સોળ લાખ) જેટલી રકમ મેળવી નોકરી નહી અપાવી તેમજ ભરેલ રકમ પણ પાછી નહી આપી ફરિ સાથે ગુનાહીત વિશ્ર્વાસઘાત છેતરપીંડી કરેલ હોય.જે બાબતે ઉપરોક્ત નંબરથી ગુનો દાખલ થયેલ જેની હ્યુમન તથા ટેકનીકલ સોર્સ થી તપાસ કરતા આરોપી નામે **(૧) વીરભાન સ/ઓ-અતરસિંહ જાતે-વર્મા (નિષાદ) ઉ.વ.-૨૬ ધંધો-છુંટક મજુરી રહે-કેન્જરા રોડ બીજોલી પ્લોટ તા-બાહ જીલ્લા-આગ્રા રાજ્ય-**

**ઉત્તરપ્રદેશ તથા નં (૨) ગીરીરાજ સ/ઓ-મુકન્દીલાલ જાતે-સિંહ ઉ.વ.-૩૨ રહે-મ.નં -૪/૭૧ વોર્ડ નં-૦૪ ચંદોરા રોડ બાગ ફુલરીયા ગોપલપુરા તા-સમસાબાદ જીલ્લા-આગ્રા રાજ્ય-ઉત્તરપ્રદેશ** નાઓએ ગુનો કરવામાં મદદગારી કરેલ હોઈ જેથી આરોપીઓની તપાસ માટે પોલીસ સબ ઇન્સ શ્રી.વી.એમ.સાટીયા સ્ટાફના માણસો સાથે ઉત્તરપ્રદેશ ખાતે તપાસમાં જઈ ઉત્તરપ્રદેશ ખાતેથી બંને આરોપીઓને મેળવી ગુનાના કામે અટક કરેલ છે અને તપાસ દરમ્યાન આરોપીઓએ ગુજરાત ના અલગ અલગ શહેરો માં લોકો ની સાથે નોકરી અપાવવા ના બહાને વિશ્વાસઘાત છેતરપીંડી કરેલ હોવાનું જણાવેલ છે.

**ગુનાની એમ.ઓ**. આ કામના આરોપીઓ સંદેશ તેમજ દિવ્ય ભાસ્કર તથા ગુજરાત ના અન્ય મોટા સમાચાર પત્રોમાં જાહેરાત જેવી કે **" ૧૦૦% ભરતી બેંક રેલ્વે એરપોર્ટમાં નોકરી ૮ પાસથી ગ્રેજ્યુએટ પગાર રૂ.૩૦૦૦૦/- થી ૭૦૦૦૦/- સુપરવાઈઝર મેનેજર ફોર્મ ફી રૂ.૫૫૦/- મો.નં.૯૭૧૪૫૯૬૭૧૭ "** ઉપર સંપર્ક કરવા મુજબની જાહેરાત આપી જે લોકો રૂ.૫૫૦/- નું ફોર્મ ભરે તેઓને સામેથી ફોન કરીને તેમની શિક્ષણીક લાયકાત મુજબ ઉચા પગારની નોકરી અપાવવા ની લાલચ આપી તેઓના ઉપરી અધિકારીઓ ને રૂપિયા ખવડાવવા પડશે તથા મેડીકલ ચેકઅપ કરાવવું પડશે તથા ઇન્ટરયુ માટે હોટલ બુકિંગ કરાવવી પડશે તેમ કહી બેંક એકાઉન્ટ નંબર આપી બેંક એકાઉન્ટમાં કટકે કટકે રૂપિયા જમા કરાવડાવી પોતે રૂપિયા ઉપાડી લઇ. આમ લોકો પાસેથી રૂપિયા લઇ નોકરી નહિ અપાવી તથા રૂપિયા પાછા નહિ આપી વિશ્ર્વાસઘાત છેતરપીંડી કરવા નું નેટવર્ક ચલાવે છે. તો આરોપીઓની આપના પો.સ્ટે.ના કોઇ ગુનાના કામે જરૂરીયાત હોય તો વટવા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે તા-૨૫/૦૯/૨૦૧૯


વટવા પોલીસ સ્ટેશન

